જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ



# બાળમેળો

## વર્ષઃ ૨૦૨૪–૨૦૨૫

# જિલ્લા કક્ષા અહેવાલ


**સંકલન**

ડૉ. નિશાત એ. બાબી
સિનિયર લેક્ચરર (WE)

તથા

દિપાલીબેન જે. વડગામા
લેક્ચરર (WE)
ડાયેટ રાજકોટ

**માર્ગદર્શક**

ડૉ. સંજયભાઈ એન. મહેતા
પ્રાચાર્યશ્રી,
ડાયેટ રાજકોટ

ત્રિકોણબાગ પાસે , જવાહર રોડ – રાજકોટ
ફોન (૦૨૮૧) ૨૨૪૨૧૪૦
Email : dietrajkot1@gmail.com






# શુભેચ્છા સંદેશ

સારસ્વત મિત્રો...

પ્રાથમિક શિક્ષણમાં આનંદદાયી, કૌશલ્યવર્ધક અને પ્રવૃત્તિલક્ષી અભિગમ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે. બાળકમાં રહેલી સર્જક પ્રતિભા વિકસે, બાળકની સુષુપ્ત શક્તિઓને બહિર્ગત કરી તેનામાં જીવનકૌશલ્યનો વિકાસ થાય તે માટે બાળમેળા અને જીવનકૌશલ્ય મેળાની પ્રવૃત્તિ ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ અને જીસીઇઆરટી - ગાંધીનગરની પ્રેરણાથી થઈ રહી છે. RTE એક્ટ પ્રાથમિક શાળાના તમામ બાળકોને ગુણવત્તાસભર શિક્ષણનો અધિકાર આપે છે, NCF 2005 માં બાળકમાં રહેલી સર્જક પ્રતિભાને ખીલવનારા શિક્ષણકાર્યની હિમાયત કરી છે ત્યારે બાળમેળા અને જીવન કૌશલ્યમેળા અંતર્ગત થતી તમામ પ્રવૃત્તિઓ આ દિશા તરફ ઉમદા પ્રદાન કરી રહેલ છે.

બાળકોની સર્જનશીલતા અને વિશિષ્ટ પ્રતિભાને વિકસાવનારા આ બાળમેળાઓ અંતર્ગત નિમ્ન પ્રાથમિક કક્ષાના બાળકો માટીકામ, છાપકામ, ચિત્રકામ, રંગપૂરણી, ગડીકામ, ગીત-સંગીત અને અભિનય, બાળરમતો, બાળનાટક, ચિટકકામ, જાદુનગરી, વેશભૂષા, કાર્ટૂન ફિલ્મ અને હાસ્યદરબાર જેવી ગમ્મત દ્વારા જ્ઞાન આપતી અવનવી પ્રવૃત્તિઓ કરે છે. ઉચ્ચ પ્રાથમિક કક્ષાના વિદ્યાર્થીઓ લાઈફ સ્કીલ મેળા અંતર્ગત સર્જનાત્મકતા, ચાલો શીખીએ, સ્વજાગૃત્તિ, સ્વચ્છતા અને સુશોભન; હળવાશની પળોમાં, પર્યાવરણને જાણો, માણો અને જાળવો; વાંચન, લેખન અને અવલોકન; સામાન્યજ્ઞાન અને સમસ્યા ઉકેલ; સમૂહજીવન અને બાળપ્રદર્શન વગેરે વિભાગોને આવરી લેતી જીવનના કૌશલ્ય વિકાસની પ્રવૃત્તિઓ કરે છે.

રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઈફ સ્કીલ મેળાની પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક સંપન્ન કરવા માટે જીસીઇઆરટી - ગાંધીનગર માર્ગદર્શન હેઠળ તમામ ડાયટને સંલગ્ન ડબલ્યુ. ઈ. શાખાના વ્યાખ્યાતાશ્રીઓએ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા પૂર્વે માર્ગદર્શક તાલીમો આપી શાળા કક્ષાએ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળાના અમલીકરણ માટે ઉત્તમ વાતાવરણ નિર્માણ કર્યું છે. જેના પરિપાક સ્વરૂપ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા દરમિયાન શાળા કક્ષાએ થયેલ પ્રવૃત્તિઓનું સુંદર દસ્તાવેજીકરણ કરી આ જીલ્લા કક્ષાનો અહેવાલ રજૂ કર્યો છે. જે બદલ તેઓને હાર્દિક અભિનંદન પાઠવું છું. સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓ માટે આ અહેવાલ અવશ્ય ઉપયોગી બની રહેશે તેવી શ્રદ્ધા અને વિશ્વાસ સાથે...

ડૉ. સંજયભાઇ મહેતા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ.

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧. | શુભેચ્છા સંદેશ | ૧ |
| ૨ | સંકલનકર્તા | ૩ |
| ૩. | બાળમેળો – પ્રસ્તાવના | ૪ |
| ૪. | બાળમેળાના હેતુઓ | ૫ |
| ૫. | બાળમેળાની પ્રવૃત્તિઓ | ૬ |
| ૬ | બાળમેળા મૂલ્યાંકન | ૨૩ |
| ૭ | પરિશિષ્ટ,પરિપત્રો | ૨૯ |

# સંકલન કરનાર

| ક્રમ | સંકલન કર્તા | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|---|
| ૧ | શૈલેષભાઈ બી.પરમાર | સી.આર.સી.બામણબોર | રાજકોટ |
| ૨ | જનકભાઈ એ. સાંડપા | સી.આર.સી.કુચીયાદડ | રાજકોટ |
| ૩ | જયશ્રીબા જે. વાઢેર | સરદાર આવાસ પ્રા. શાળા | રાજકોટ |
| ૪. | કિરણભાઈ આર.પટેલ | ડેરોઈ પ્રા. શાળા | રાજકોટ |
| ૫. | તુષારભાઈ વલ્લભભાઈ કાનાણી | મોટા ખિજડીયા તા. શાળા | પડધરી |
| ૬. | જીજ્ઞેશ જે. ખુંટ | રા.શા. શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રા. શાળા નં 8 | રાજકોટ (કોર્પો.) |
| ૭ | નિસર્ગભાઈ બી. પંચાલ | ભૂખી કન્યા પ્રા. શાળા | ધોરાજી |
| ૮. | ઈમ્તિયાઝ જી. આખુનજી | સાલ પીપળીયા પ્રા. શાળા | પડધરી |
| ૯. | રામભાઈ વારા | સરપદડ કન્યા પ્રા. શાળા | પડધરી |
| ૧૦. | આશિષભાઈ એ. ભોલવાડા | સી.આર.સી.ગોમટા | ગોંડલ |
| ૧૧. | ભાવનાબેન એસ. ઉંધાડ | પડવલા પ્રા. શાળા | કોટડા સાંગાણી |

# બાળમેળો-પ્રસ્તાવના

## પ્રસ્તાવના :

"ક્રિયા દ્વારા શિખવુ એ શિખવાની પ્રક્રિયાની શ્રેષ્ઠ અને અસરકારક પદ્ધતિ છે."

– જહોન ડ્યુઇ

બાળમેળો એ નિમ્ન પ્રાથમિક શાળાના બાળકો માટેની આનંદયાત્રા છે તથા તેના સર્વાંગી વિકાસ માટેનો અવસર છે. એનાથી બાળકના સર્વાંગી વિકાસ માટેની અલગ-અલગ દિશા ખુલે છે. જે તેના ભવિષ્ય માટે તેના મનમાં અલગ છાપ ઉભી કરી જાય છે. આ બીજારોપણ ભવિષ્યમાં વૃક્ષ બની પાંગરે છે. બાળમેળો એ તો બાળકોને અભિવ્યક્ત થવાનો કાર્યક્રમ છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો કાર્યક્રમ છે. બાળકોમાં આત્મશ્રદ્ધા અને આત્મવિશ્વાસ પ્રેરવાથી કાર્યશીલતા સંતોષાય છે. સામુહિક ભાવના વિકસે છે. આ પ્રકારના બાળમેળા G.C.E.R.T. અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના સયુંકત ઉપક્રમે ગુજરાત રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં યોજવામાં આવે છે. પરિણામે નામાંકન સ્થાયીકરણ અને ગુણવતા સુધારણા વધવા પામી છે.

જીસીઈઆરટી – ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવતા બાળમેળો અને લાઈફ સ્કીલ બાળમેળો કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૦૨૫થી પ્રવેશોત્સવ કાર્યક્રમ સાથે અનુબંધ રાખીને જે તે દિવસે જ યોજવામાં આવે છે.

બાળમેળો એ સર્જનની પાંખે ચઢીને કરાતી આનંદયાત્રા છે. જેમાં બાળક કશુંક પામ્યાની અંત:તૃપ્તિ અનુભવે છે. નવું નવું શીખ્યાનો અને નવા સર્જનનો આનંદ જીવનભરનું સંભારણું બની રહે છે. બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને જગાડવાનો આત્મવિશ્વાસ પ્રેરવાનો તથા બાળકોની વિશેષતાઓને બહાર લાવવાનો અનોખો અને અવિરત કાર્યક્રમ છે.બાળમેળાના આયોજન દ્વારા એક નવું જ વાતાવરણ ઉભું થાય છે. અનેક બાળકો પૂર્ણપણે ખીલે છે. આ રીતે પ્રવૃત્તિ દ્વારા મેળવેલ જ્ઞાન 'સા વિદ્યા યા વિમુક્તયે' ઉક્તિને સાર્થક કરે છે.

## હેતુઓ:

- બાળકોની કૌશલ્ય શક્તિ ખીલે.
- બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે.
- બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
- બાળકોમાં કલા પ્રત્યે રસ જાગે.
- બાળકોની ક્રિયાશીલતાને પોષાય.
- બાળકોની જિજ્ઞાશા જાગૃત થાય.
- બાળકોની સામુહિક ભાવના વિકસે.
- બાળકોની સર્જનવૃતિ વિકસે.
- બાળકોની વિચાર શક્તિ વિકસે.
- બાળકોનો આત્મવિશ્વાસ વધે.
- બાળકોને અભિવ્યક્ત થવાની તક મળે.
- વ્યવસ્થા, શિસ્ત, સમય પાલન, ચોકસાઈ, સ્વચ્છતા જેવા ગુણો વિકસે.
- બાળકો વિવિધ આનંદદાયીપ્રવૃત્તિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- બાળકોમાં સમૂહભાવના અને હકારાત્મકતા વિકસે.
- બાળકમાં સંગ્રહવૃત્તિ કેળવાય.
- બાળકોજીવન જીવવાની વિવિધ કલાઓ શીખે. અભિવ્યક્તિ, કલ્પનાશક્તિ, અવલોકનશક્તિ, તર્કશક્તિ, વકતૃત્વશક્તિ, નિર્ણયશક્તિ, સંગ્રહશક્તિ અને સર્જનશક્તિ કેળવે.
- બાળકો પોતાના સ્નાયુઓ પર કાબુ કેળવે અને સ્વસ્થ જીવન જીવતા થાય.
- બાળકો સારી અને નરસી બાબતો વચ્ચેનો ભેદ પારખે.
- બાળકો પોતાનું નાનું-મોટું કાર્ય જાતે કરતા શીખે. બાળકોમાં તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થાય.

# બાળમેળાની પ્રવૃત્તિઓ

- માટીકામ
- છાપકામ
- ચીટકકામ
- કાગળકામ / કાતરકામ
- વેશભૂષા
- ગીત – સંગીત અભિનય
- રંગપુરણી / રંગોળી
- ભરત – ગૂંથણ
- વેસ્ટમાંથી બેસ્ટ
- ચિત્રકામ
- એકપાત્રીય અભિનય

# માટીકામ

હેતુઓ :

- બાળકો ભીની માટીનો સ્પર્શ માણે.
- બાળકોનું હસ્ત કૌશલ્ય વિકસે.
- બાળકોમાં અંગુલી ચાપલ્ય વિકસે.
- બાળકોને સ્વસર્જનનો આંનદ મળે.
- કલ્પનાશક્તિ વિકસે.
- માટીના ઉપયોગ અને માટીના પ્રકાર વિશે જાણે.
- સાધનસામગ્રી
- ચીકણી માટી
- પાણી
- કલર, ગેરુ, ગળી

પ્રવૃત્તિ :

બાલમેળાનાં આગલા દિવસે માટી તૈયાર કરાવી. ચીકણી માટીમાં રાખ અને લય ભેળવીને પલાળવી, જેમાંથી નીચે જેવા બનાવ્યા હતા.

- વિવિધ ફળનાં નમુના બનાવેલ.
- રસોઈના વાસણ બનાવેલ.
- વિવિધ રમકડાં, કાર્ટુન, ઘર, ગણપતિની મૂર્તિ બનાવેલ.
- ઘરવપરાશની ચીજોના નમુના બનાવ્યા.

ફલશ્રુતિ :

- માટીના વિવિધ આકારો બનાવવાનો આનંદ મેળવી શકાય.
- સર્જન કરવાની લાગણી અનુભવી શકાય.
- બાળકોની કલ્પનાશક્તિ અને હસ્ત કૌશલ્યનો વિકાસ થયો.


POCO
SHOT ON POCO M2 PRO





















# છાપકામ

હેતુઓ :

- બાળકો છાપકામની વિવિધ રીતોથી પરિચિત થાય.
- બાળકો રંગોમાંથી મિશ્ર રંગો બનાવતા શીખે.
- બાળકો જુદા જુદા રંગોથી પરિચિત થાય.
- બાળકોમાં મોર્ડન આર્ટસનો વિકાસ થાય.
- છાપકામ ઉધોગનો પરિચય થાય.

સાધનસામગ્રી:

- વિવિધ રંગો
- ડ્રોઈંગ શીટ/છાપકામ માટે કાગળ
- છાપકામ માટે ઉપયોગ વસ્તુઓ જેમ કે.......
  - શાકભાજીનાં કટીંગ્સ
  - પીછાં
  - રૂ
  - નકામા કાગળનાં ટુકડા
  - વિવિધ આકારના સિક્કા
  - વનસ્પતિના પાંદડા

પ્રવૃત્તિ :

- છાપકામ માટે જરૂરી રંગો તૈયાર કર્યા.
- શાકભાજીને સુંદર રીતે કટિંગ કરી વિવિધ છાપ ઉપસાવી.
- આંગળાની છાપો વડે ફૂલો, પ્રાણીઓ અને પક્ષીઓનાં ચિત્રો બનાવ્યા.
- છાપકામમાં ઉપયોગી વિવિધ વસ્તુઓ વડે સુંદર ચિત્રોનું સર્જન કર્યું.

ફલશ્રુતિ :

- બાળકો છાપકામની પ્રવૃતિઓથી પરિચિત થયા.
- બાળકોને નવું સર્જન કરવાનો આંનદ પ્રાપ્ત થયો.
- બાળકોમાં કલાનો વિકાસ થયો.













# ચીટક કામ

હેતુઓ :

- બાળકોની સર્જનશક્તિ, હસ્ત કૌશલ્ય અને કલ્પનાશક્તિ વિકસે.
- બાળકો ગુંદર લઇ વગેરે વસ્તુઓ ચોકસાઈપૂર્વક ઉપયોગ કરતા શીખે.
- બાળકો ગૃહ સુશોભન માટે જરૂરી વસ્તુ જાતે બનાવતા શીખે.
- બાળકોમાં ધીરજ અને ચોકસાઈ ગુણો વિકસે.
- મોર્ડન આર્ટની સંકલ્પના સમજે.

સાધનસામગ્રી :

- કાર્ડ પેપર
- ચણોઠી
- ગુંદર/ફેવિકોલ
- આભલા
- ચાંદલા
- અનાજ, કઠોળ
- દીવાસળી
- ટીકી, સતારા
- કાતર

કાર્યપદ્ધતિ :

- વિવિધ કાર્ડ પેપર પર સ્ટોન વડે ચિત્રો તૈયાર કરેલ.
- માટીના કુંજા ઉપર સતારા, કોડી, મોતી, તુઈ વડે ચીટકકામ કરેલ.
- વિવિધ ફ્લાવર પોટ અને કોર્નર પોટ પર વિવિધ સામગ્રીનાં ઉપયોગથી ચીટકકામ કરેલ.
- કોડિયા, માટલાં નકામી સીડી પર ચીટકકામ કરી સુશોભીત કર્યા.

ફૂલશ્રુતિ

- બાળકોમાં સંગ્રહશક્તિનો વિકાસ થયો.
- વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુ બનાવવાની કલાનો વિકાસ થયો.
- કોઈપણ વસ્તુઓ જીવનમાં કરકસરપૂર્વક ઉપયોગ કરતા શીખ્યા.
- વસ્તુનો પુન: ઉપયોગ (રીસાયકલીંગ) કરી પર્યાવરણ જતન કરાય તે જાણી શકયા.
- આકર્ષક શો પીસ, ફોટો ફ્રેમ, પેન સ્ટેન્ડ જેવી વસ્તુ બનાવી આર્થિક ઉપાર્જન કરી શકાય.




ચીટકકામ




2024.07.27 09:45





# કાગળકામ / કાતરકામ

હેતુ :

- બાળકોમાં અંગુલી ચાપલ્ય કૌશલ્ય વિકસે.
- બાળકોમાં ચોકસાઈ, સ્વચ્છતા અને ધીરજના ગુણો વિકસે.
- બાળકોમાં હસ્તકલાને સમજે અને શીખે.
- એકાગ્રતાનો વિકાસ કરી શકાય.
- સાધનોના ઉપયોગની આવડત વિકસે.

સાધનસામગ્રી :

- રંગીન કાગળ, છાપાના કાગળ, કાર્ડ પેપર, વેલ્વેટ, પ્રિન્ટેડ, હેન્ડમેડ
- નાની કાતર, ક્રાફ્ટ કાતર

કાર્યપદ્ધતી :

- રંગીન કાગળોમાંથી ગડીઓ કરી ડીઝાઇનો, આકારો, અને અક્ષરો કાપી તોરણો બનાવવા, ફૂલ બનાવવા.
- રંગીન કાગળોમાંથી જુદા જુદા ભૌમિતિક આકારો કાપી આ આકારોને સાદા કાગળ પર ગોઠવી વિવિધ ચિત્રો તૈયાર કરવા. તેમાં સ્કેચપેન મદદથી રંગ પુરવા.
- તોરણ, સાદડી, સૂપડું, ટોપલી, માછલી, પર્સ, ફૂલદાની, ટેબલ, ફોટોફ્રેમ, જેવી ચીજવસ્તુઓનું નિર્માણ કરવું.

ફલશ્રુતિ :

- બાળકોમાં નિદર્શન શક્તિ, સર્જનાત્મક શક્તિનો સુપેરે વિકાસ થયો.
- વિવિધ વસ્તુઓને ઓળખાતા થયાં.
- બાળકો કાગળમાંથી રમકડાં, વિજ્ઞાનનાં સાધનો, સુશોભનની વસ્તુઓના વિવિધ નમુના બનાવ્યા શીખ્યા.






2024.07.19 16:44







# વેશભૂષા

હેતુઓ :

- વેશભૂષા દ્વારા વિદ્યાર્થીઓ પાત્ર સાથે એકાત્મભાવ અનુભવે.
- બાળકો મુક્ત અભિવ્યકિત શીખે.
- બાળકો વેશભૂષા દ્વારા પાત્રોને જીવંત બનાવે.
- પ્રેક્ષકોને મનોરંજન સાથે જ્ઞાન પ્રાપ્ત થાય.
- અભિનય ક્ષમતાનો વિકાસ થાય.
- બાળકમાં શરમ - સંકોચ, સભાક્ષોભ દૂર થાય છે. આત્મવિશ્વાસ વધે છે.

સાધનસામગ્રી :

- વિવિધ પાત્રોને અનુરૂપ પહેરવેશ
- પાત્ર માટે જરૂરી હોય તો મ્હોરા (દા.ત. પ્રાણી, પક્ષીના મ્હોરા)

કાર્યપદ્ધતિ :

- બાળમેળાનાં આ વિભાગમાં ભાગ લીધેલ બાળક જે પાત્ર/વ્યકિતની વેશભૂષા ભજવવાની હોય તેનો પહેરવેશ પહેરીને અથવા મ્હોરા લગાવીને પાત્રને અનુરૂપસંવાદ સાથે, હાવભાવ સહિત પાત્રો ભજવ્યા અને મુકત મને પાત્રોની રજૂઆત કરી.

ફલશ્રુતિ :

- બાળકો વિવિધ પાત્રો સાથે એકાત્મભાવ અનુભવી શકયા.
- વેશભૂષા એ મહાપુરુષી તેમજ અન્ય વિભૂતિઓને સજીવન કરી હતી.
- પ્રેક્ષકોને મનોરંજન સાથે જ્ઞાનપાત્રની ઓળખ મળી.
- બાળકોની અભિનય ક્ષમતાનો વિકાસ થયો. સભાક્ષોભ, સંકોચ દૂર થયા.









# ગીત – સંગીત અભિનય

હેતુઓ :

- બાળકો સુર, લય સાથે ગાતા થાય.
- રાષ્ટ્રભાવનાનો વિકાસ થાય.
- બાળકોમાં આત્મવિશ્વાસમાં વધારો થાય.
- બાળકોમાં રહેલી કલા અભિવ્યક્ત કરવાની તક મળે.
- શરમ - સંકોચ, સભાક્ષોભ દુર થાય.

સાધનસામગ્રી :

- ઢોલક, ખંજરી, મંજીરા, ઘુંઘરા, બાળગીત પોથી
- તબલા, એડિયો વિડીયો સીડી, ડીવીડી

પ્રવૃત્તિ :

- બાળકોએ સંગીતના સાધનો વગાડી લયબદ્ધ રીતે બાળગીતો ગાયા.
- અભિનય સાથે દેશ ભક્તિ ગીત, બાળગીતો, પ્રાર્થના, ભજન ધુન વગેરેની રજૂઆતકરી.
- અભિનય ગીતો રજૂ કર્યા.

ફલશ્રુતિ :

- સૂર, લય, તાલમાં તરબોળ બની આનંદની અનુભૂતિ કરી
- બાળકો જોડકણા, બાળગીતો શીખ્યા,
- અભિનય ગીત કરી શક્યા






REDMI NOTE 9
AI QUAD CAMERA



# રંગપુરણી /રંગોળી

હેતુઓ :

- હસ્ત કૌશલ્ય વિકસે.
- એકાગ્રતા, ચોકસાઇ વિકસે.
- સર્જનશક્તિ ખીલે.
- સુશોભન કરતાં શીખે.

સાધનસામગ્રી :

- ચોક, છાપેલ ચિત્રો, રંગો, પીંછી, પાણી, વાટકી, ગેસ, ગળી, ચિરોડી કલર

કાર્યપદ્ધતિ :

- બાળકોએ શાળા પ્રાંગણમાં ભૌમિતિક આકાર દોરી તેમાં મનપસંદ રંગ પૂર્યા. પશુ પક્ષી - ફૂલ - કાર્ટૂન જેવા મનપસંદ ચિત્રોમાં વોટર કલર દ્વારા રંગ પૂર્યા. બાળકોએ કઠોળ, ધાન્ય, ફૂલો, સ્થાનિક સામગ્રી દા.ત. ચીરોળી કલર, લાકડાનો વ્હેર, ફૂલની પાંખડી, ઇંટનો ભૂકો, શંખ, કોડી, રંગીન ચોકનો ભૂકો વગેરેનાં ઉપયોગ દ્વારા સુંદર ફિલેન્ડ, કુદરતી દૃશ્યો, પ્રસંગોચિત રંગોળી દા.ત.પતંગોત્સવ ગણેશચતુર્થી, સ્વાતંત્ર્ય દિન વગેરે........ બનાવી.

ફલશ્રુતિ :

- વિવિધ રંગોનો પરિચય કરી શકયા.
- મિશ્ર રંગો બનાવતા શીખ્યા.
- સ્વચ્છતા, ચોકસાઇ જેવા ગુણોનો વિકાસ થયો.
- સર્જનનો આનંદ માણ્યો.
- સુશોભન કલાનો વિકાસ થયો.


બાલમેળો








બાલમેળો
શ્રી બામણબોર તાલુકા શાળા તા.જી.રાજકોટ
રંગ પૂર્ણી


ટુકડી નં. ૧
રંગપુરણી



# ભરત – ગૂંથણ

હેતુઓ :

- હસ્ત કૌશલ્ય ખીલે.
- સુશોભન કલાનો પરિચય મેળવે.
- સાધનસામગ્રી :
- કાપડ, સોય, દોરો, રીંગ, રંગીન દોરા, ઊન, છાપ માટે જરૂરી વસ્તુઓ દા.ત. શાહી, જાડુ પ્લાસ્ટિક, ટાંચણી વગેરે,

કાર્યપદ્ધતિ :

- બાળકોએ પ્લાસ્ટિક ઉપર ટાંચણીની મદદથી અલગ ચિત્રો દોરીને શાહી વડે છાપકામ કર્યુ.
- ફ્રિ-હેન્ડ, ફૂલ, કાર્ટૂન જેવી ભાત પર કાપડ પર જુદા જુદા ટાંકા દ્વારા ભરતકામ કર્યું.

ફલશ્રુતિ :

- હસ્ત કૌશલ્ય કેળવી શક્યા.
- સર્જનશક્તિ, કલ્પનાશક્તિ, એકાગ્રતા, ચોકસાઇ જેવા ગુણો વિકસાવી શક્યા.
- ઇન્દ્રિયોનું જ્ઞાન કેળવી શકયા.
- બાળકોમાં સુશોભન કલાનો વિકાસ થયો.













# વેસ્ટમાંથી બેસ્ટ

- પૂંઠાનાં માવામાંથી રમકડાં બનાવવા
- સૂકાયેલા ગલકામાંથી વિવિધ નમૂના બનાવવા.
- ચોકલેટનાં રેપરમાંથી તોરણ બનાવવા.
- જૂની સીડીના તોરણ, ઝુમ્મર, ફોટો ફ્રેમ બનાવવા.

હેતુઓ :

- બાળક પોતાની આસપાસનાં પર્યાવરણમાંથી વસ્તુઓ દ્વારા કંઇક નવિન સર્જન કરે.
- બાળકની કલ્પના ક્તિનો વિકાસ થાય.
- બાળકોમાં સર્જનાત્મક્તા વિકસે.

સાધનસામગ્રી :

- શણની ભૂંગળી, દિવાસળીના ખોખા, રદ્દી કાગળ, પૂઠા, સુકાયેલા ગલકા, ગુંદર, કપડાં રંગવાનો રંગ, નકામી સીડી, પ્લાસ્ટીકની બંગડી, પસ્તીનાકાગળ

કાર્યપદ્ધતિ :

- ચોકલેટના વેસ્ટ કાગળને ઉપરના ભાગને વાળી તેમાં દોરો પોરવી ને તોરણ બનાવ્યા.
- નકામી સીડીમાંથી ઝુમ્મર, ગણપતિનું વોલપીસ, આરતીની થાળી વગેરે તૈયાર કર્યાં.
- નકામી પ્લાસ્ટિકની બંગડીમાંથી પેન સ્ટેન્ડ તૈયાર કર્યું.

ફલશ્રુતિ :

- બાળકોમાં કલ્પનાશક્તિનો વિકાસ થયો.
- બાળકો વિવિધ આકારોથી અવગત થયા છે.
- બાળકોમાં તર્કશક્તિનો વિકાસ થયો છે.
- બાળકોએ ગમ્મત સાથે જ્ઞાન મેળવ્યું.









Galaxy S23


# પ્રતિભાવો

+


બાળમેળાના આયોજન માટે સમય મર્યાદા યોગ્ય છે.
79 responses





શાળાના આચાર્ય દ્વારા બાળમેળાના આયોજન પૂર્વે સ્ટાફ મીટીંગનું આયોજન કરવામાં આવે છે.
79 responses





બાળમેળામાં દરેક શિક્ષકને સરખો કાર્યભાર મળે તેવું આયોજન કરેલ છે.
79 responses




બાળમેળાની પ્રવૃત્તિઓ સદર્ભે આવશ્યક સાધનસામગ્રી પૂરી પાડવામાં આવેલ છે.
79 responses





બી.આર.સી., સી.આર.સી., નિરીક્ષકો, ડાયેટ દ્વારા બાળમેળા બાબતે સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવેલ છે.
78 responses





બાળમેળામાં દરેક ખંડમાં બાળક પ્રવૃત્તિ કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.
79 responses




બાળમેળામાં કરવામાં આવતી પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળી રહે છે.
79 responses





બાળમેળામાં શિક્ષકોની સક્રિયતા જોવા મળેલ છે.
79 responses





બાળમેળા સંદર્ભે સૂચવવામાં આવતી દરેક પ્રવૃત્તિઓ યોગ્ય છે.
79 responses




બાળમેળા દ્વારા બાળકો સ્વયંસ્ફૂરણાથી કાર્ય કરવા પ્રેરાય છે.
79 responses





બાળમેળાની પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સર્જનાત્મક્તા વધુ સારી રીતે ખીલવી શકાય છે.
78 responses





બાળમેળાની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે યોગ્ય છે.
78 responses




બાળમેળા કાર્યક્રમના દસ્તાવેજીકરણની જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે.
79 responses





બાળમેળામાં એસ.એમ.સી.ના સભ્યોનો સહકાર મેળવવામાં આવેલ છે.
79 responses





બાળમેળા દરમ્યાન શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળેલ છે.
79 responses




બાળમેળાની એક દિવસની સમયમર્યાદા શાળા કક્ષાએ વધારવી જોઇએ.
79 responses




બાળમેળા દરમ્યાન વિદ્યાર્થીઓ – શિક્ષકો - શાળા વચ્ચે પારસ્પરિક સહકાર જોવા મળ્યો.
79 responses




સમગ્રતયા બાળમેળાનો હેતુ સિધ્ધ થતો જોવા મળ્યો.
79 responses



ક્રમાંકઃજશભ/WE/2024/2505-2548
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સઃ-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 16/05/2024

પ્રતિ
બી.આર.સી.સી. / યુ.આર.સી.સી. તમામ
જિલ્લો: રાજકોટ, મોરબી અને રાજકોટ MSB

વિષય: બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી માટે શાળાની સંખ્યા મોકલવા બાબત.

સંદર્ભ: જીસીઇઆરટી- ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઇઆરટી/તાલીમ/બાળમેળા/2024-25/10837-47 તા. 14/05/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020મા ભલામણ કરી છે કે કલા ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. જે અન્વયે જીસીઇઆરટી- ગાંધીનગરના સંદર્ભપત્રમાં જણાવ્યા મુજબ વર્ષ : 2024-2025 માં તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનું આયોજન શાળા ખૂલ્યાના પ્રથમ સપ્તાહમાં કરવાનું થશે. શાળાઓને બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી કરવા માટે જીસીઇઆરટી- ગાંધીનગરએ જણાવેલ પત્રક મુજબની આ સાથે સામેલ Excel sheetમાં આપના તાલુકા/ઝોનની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ (જિલ્લા પંચાયત, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલ) ની સંખ્યા સોફ્ટ કોપીમાં તારીખ : 24/05/2024 સુધીમાં બિનચૂક મોકલશો.

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : 1. સંદર્ભ દર્શિત પત્રની નકલ
2. સંખ્યાની માહિતીનું પત્રક - Excel sheet

નકલ સવિનય રવાના :

- પ્રતિ, નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. રાજકોટ અને મોરબી
- પ્રતિ, શાસનાધિકારીશ્રી, રાજકોટ, ઉપલેટા અને જેતપુર
- TPEOશ્રી તમામ, જિ. રાજકોટ અને મોરબી

ક્રમાંકઃજશભ/WE/2024/2587
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સઃ-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 23/05/2024

પ્રતિ,
સચિવશ્રી,
જીસીઈઆરટી, ગાંધીનગર

વિષય: બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી માટે શાળાની સંખ્યા મોકલવા બાબત.
સંદર્ભ: જીસીઇઆરટી-ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઇઆરટી/તાલીમ/બાળમેળા/2024-25/10837-47 તા. 14/05/2024

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, શાળાઓને બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી કરવા માટે જીસીઇઆરટી- ગાંધીનગરએ જણાવેલ પત્રક મુજબ રાજકોટ અને મોરબી બંને જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યાની માહિતી નીચે મુજબ છે. આ માહિતી સોફ્ટ કોપીમાં Excel sheetમાં પણ આ સામેલ રાખી મોકલેલ છે, જે આપશ્રીને વિદિત થવા સારૂં.

કોષ્ટક – 1 (રાજકોટ જિલ્લો)

| જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ | | | | | જિલ્લો : રાજકોટ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| No | વિદ્યાર્થીઓની સંખ્યા | જિલ્લા પંચાયત | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | મહાનગર પ્રાથમિક શિક્ષણ સમિતિ | કે.જી. બી.વી. | આશ્રમ શાળા | મોડેલ સ્કૂલ | કુલ |
| 1 | 1 થી 100 | 302 | 2 | 8 | 1 | 1 | 1 | **315** |
| 2 | 101 થી 200 | 353 | 7 | 25 | 0 | 7 | 0 | **392** |
| 3 | 201 થી 400 | 172 | 12 | 28 | 0 | 0 | 0 | **212** |
| 4 | 401 થી 600 | 21 | 0 | 19 | 0 | 0 | 0 | **40** |
| 5 | 601 થી 800 | 2 | 0 | 6 | 0 | 0 | 0 | **8** |
| 6 | 801 થી 1000 | 0 | 0 | 7 | 0 | 0 | 0 | **7** |
| 7 | 1001 થી વધુ | 0 | 0 | 0 | 0 | 0 | 0 | **0** |
| કુલ | | **850** | **21** | **93** | **1** | **8** | **1** | **974** |

ક્રમાંક:જશભ/WE/2024/2964-2989
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સ:-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 22/07/2024

પ્રતિ
બી.આર.સી.સી. / યુ.આર.સી.સી. તમામ
જિલ્લો: મોરબી

વિષય: 1. બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ના આયોજન અમલીકરણ બાબત.
2. બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 અન્વયે શાળાઓને ગ્રાન્ટ ફાળવણી બાબત.

સંદર્ભ: જીસીઇઆરટી-ગાંધીનગરના પત્રક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/2024-25/14538-648 તા. 15/07/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020મા ભલામણ કરી છે કે કલા ક્વીઝ, રમત ગમત અને વ્યાસાયિક હસ્તકલા સહિતની વિવિધ પ્રકારની સંવર્ધન પ્રવૃત્તિઓ માટે સમગ્ર વર્ષ દરમ્યાન બેગલેસ દિવસોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ બેગલેસ દિવસના ભાગ સ્વરૂપે તમામ શાળાઓમાં બાલવાટિકા થી ધો. 5 ના વિધાર્થીઓ માટે એક દિવસ બાળમેળા અને ધોરણ 6 થી 8 ના વિધાર્થીઓ માટે એક દિવસ જીવન કૌશલ્ય આધારિત બાળમેળાનું આયોજન કરવાનું થાય છે.

જીસીઇઆરટી – ગાંધીનગર સંદર્ભ પત્ર - 1 દ્વારા બાલવાટિકા અને ધોરણ: 1 થી 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ: 6થી 8ના વિધાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત મેળાનું આયોજન કરવા માટે વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, <u>જે અન્વયે આપના તાલુકા/ઝોનની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ, મહાનગર-નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓ, આશ્રમશાળા, કેજીબીવી અને મોડેલ સ્કૂલમાં બાલવાટિકા અને ધો. 1 થી 5 ના બાળકો માટે બાળમેળા તારીખ: 27/7/2024 ના રોજ અને ધોરણ: 6 થી 8 ના બાળકો માટે લાઇફસ્કીલ મેળાનું આયોજન તારીખ: 03/8/2024 ના કરવાનું રહેશે</u>, જેની તમામ શાળાઓને જાણ કરશો. શાળાઓએ બાળમેળા અને લાઇફ સ્કીલ યોજવા માટે નીચેની માર્ગદર્શક બાબતોને ધ્યાને લેવી.

માર્ગદર્શક બાબતો :

- **બાળમેળાના મુખ્ય હેતુઓ**

- વિધાર્થીઓ વિવિધ આનંદદાયી પ્રવૃત્તિઓ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- વિધાર્થીઓમાં સહકાર નેતૃત્વ લોકશાહીની ભાવના સાહસિકતા વગેરેની ખિલવણી થાય.
- વિધાર્થીઓમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસે.
- વિદ્યાર્થીઓમાં જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય.
- વિધાર્થીઓમાં રહેલ સુષુપ્ત શક્તિઓ બહાર આવે વિદ્યાર્થીઓની મનોસામાજિક માવજત થાય.

- **લાઇફસ્કીલ મેળાના મુખ્ય હેતુઓ**

- વિદ્યાર્થીઓ રોજિંદા જીવનના પડકારોને હકારાત્મકથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરિયાતને કુશળતાપૂવર્ક પૂર્ણ કરવા વિવિધ કૌશલ્ય કે આવડત પ્રાપ્ત કરી શકે.

- જીવનકૌશલ્યો થકી વિદ્યાર્થીઓની શારીરિક અને માનસિક ક્ષમતાઓને ખીલવી તેમના વ્યક્તિત્વની સર્વાંગી વિકાસ સાધી સ્વસ્થ, સફળ, સુખમય અને શાંતિમય જીવન જીવતા શીખે.
- વિવિધ પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓનું વાસ્તવિક જીવન સાથે અનુબંધ જોડાશે તેમજ વધુ ઉન્નત અને બહેતર જીવન જીવવા તૈયાર થાય.
- પોતાના રોજિંદા જીવનમાં નાના – મોટા પ્રશ્નો જાતે હલ કરવાથી સ્વાવલંબી બને.
- શાળા અને સમાજ વચ્ચેનો નાતો વધુ વિકસે.

  - બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા પૂર્વે શિક્ષકે જે તે પ્રવૃત્તિનું નિદર્શન કરાવવાનું રહેશે. શાળાએ બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા દરમિયાન દરેક બાળક ભાગ લઇ શકે તે રીતે જુદા જુદા ગ્રુપમાં રોટેશન મુજબ આયોજન કરવાનું રહેશે.
  - બાળમેળા અને લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ અહીં આપવામાં આવેલ છે. આ સિવાયની પ્રવૃત્તિઓ પણ ઉમેરી શકાશે.

(૧) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ

| કક્ષા | ધોરણ | બાળમેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| પ્રાથમિક કક્ષા | બાલવાટિકા અને 1 થી 5 | બાળવાર્તા, બાળવાર્તા આધારિત નાટક માટીકામ, છાપકામ, કાતરકામ, ચીટકકામ, ચિત્રકામ, ગડીકામ, રંગપૂરણી, કાગળકામ, બાળ રમતો, એક મિનિટ, પઝલ્સ, હાસ્ય દરબાર, ગીત-સંગીત,અભિનય પપેટ-શો, ગણિત- ગમ્મત, વેસ્ટમાંથી બેસ્ટ, વિજ્ઞાનના સાદા પ્રયોગો, વેશભૂષા વગેરે પ્રવૃત્તિઓ યોજી શકાશે |

(૨) લાઇફ સ્કીલ (જીવન કૌશલ્ય) બાળમેળા માટે સૂચિત પ્રવૃત્તિઓ

| કક્ષા | ધોરણ | લાઇફ સ્કીલ મેળા અન્વયે યોજી શકાય તેવી કેટલીક પ્રવૃત્તિઓ |
|---|---|---|
| ઉચ્ચ પ્રાથમિક કક્ષા | ૬થી ૮ | ફ્યુઝ બાંધવો, સ્ક્રૂ લગાવવો. કૂકર બંધ કરવું, ખિલ્લી લગાવવી, ટાયરનું પંચર રીપેર કરવું, શરીરની સ્વચ્છતા, વ્યસનથી થતા નુક્સાનની સમજ હાથ ઉપર મહેંદી લગાવવી, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવું. રંગોળી બનાવવી, મહેંદી મૂકવી, સુશોભન કરવું વગેરે જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યોનો સમાવેશ કરી શકાય.<br>શાળા અને સમાજનું જોડાણ વધે તે હેતુસર ધ્વજવંદન માટેની પ્રવિધિનો સ્ટોલ, મેટ્રિકમેલા અંતર્ગત આવતી વિવિધ પ્રવૃત્તિઓ જેવીકે આનંદમેળા, વસ્તુસામગ્રી વેચાણ સ્ટોલ, વ્યવહારમાં ગણિતનો ઉપયોગ વધે તે હેતુસર બાળકોના વજન-ઉંચાઇ માપવી, સર્વાંગી શિક્ષણના પાઠ્યપુસ્તકમાં શા.શિ.ના એકમોમાં આપેલા મેદાનના માપ મુજબ મેદાન દોરાવવાની પ્રવૃત્તિ જેવી પ્રવૃત્તિઓ યોજી શકાશે. |

આ ઉપરાંત બાળમેળા અને લાઇફસ્કીલ મેળા બનેમાં 'ટોક શો' ની પ્રવૃત્તિનો સમાવેશ કરવાનો રહેશે. 'ટોક શો' ની પ્રવૃત્તિમાં નીચે આપેલ નમૂનાના વિષયો રાખી શકાશે. (આ વિષયો માત્ર ઉદાહરણ સ્વરૂપે આપેલ છે તેમાં આપના અનુભવ દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા આધારિત વિષયો ઉમેરી શકાશે)

1) મારા સપનાનું ભારત　2) મારી શાળા મારા વિચારો　3) પર્યાવરણ બચાવો દેશ બચાવો
4) મારી સામાજિક ફરજ　5) સ્વાસ્થ્ય અને સુખાકારી　6) ટ્રાફિક અવેરનેશ
7) પોષણક્ષમ ખોરાકનો સ્વીકાર　8) મારી સલામતી સહુની સલામતી 9) આપણો સાંસ્કૃતિક વારસો
10) આપણા ઉત્સવો　11 ) ઈન્ટરનેટ અને ટેકનોલોજી : આશીર્વાદ કે અભિશાપ
12) એક ભારત શ્રેષ્ઠ ભારત　13) મારું કૌશલ્ય મારું ભવિષ્ય

- બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 અન્વયે શાળાઓને ગ્રાન્ટ ફાળવણી

જીસીઇઆરટી – ગાંધીનગર સંદર્ભ પત્ર – 1 દ્વારા બાલવાટિકા થી ધોરણ: 5 ના વિદ્યાર્થીઓ માટે બાળમેળા અને ધોરણ: 6થી 8ના વિદ્યાર્થીઓ માટે જીવન કૌશલ્ય આધારિત મેળાનું આયોજન કરવા માટે વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે. આ વર્ષ માટે બાળમેળા અને લાઈફસ્કીલ બાળમેળાની કુલ ગ્રાંટ શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યાના આધારે નીચે મુજબ ફાળવવામાં આવેલ છે.

| No | શાળામાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા (તમામ ધોરણો સહિતની કુલ સંખ્યા ) | શાળા દીઠ ગ્રાન્ટ રકમ રૂપિયા |
|---|---|---|
| 1 | 1 થી 100 | 840 |
| 2 | 101 થી 200 | 1040 |
| 3 | 201 થી 400 | 1240 |
| 4 | 401 થી 600 | 1430 |
| 5 | 601 થી 800 | 1630 |
| 6 | 801 થી 1000 | 1830 |
| 7 | 1001 થી વધુ | 2230 |

- શાળાઓને તેમના SMC Edu ખાતામાં ગ્રાન્ટ ચુકવણી કરવા માટે તારીખ : 19.07.2024 નાં રોજ આપને આપના તાલુકા/ઝોનની તમામ શાળાઓના બેંક એકાઉન્ટ નંબરની વિગતની એક્સેલ ફાઈલ મોકલવામાં આવેલ હતી. જેમાં તમામ વિગતોની ખરાઈ કરી શાળાવાર વિદ્યાર્થીની સંખ્યા (ડાયેટ – રાજકોટના તારીખ : 16/05/2024 ના પત્ર દ્વારા માંગવામાં આવેલ માહિતી અનુસાર) ઉમેરી આપે માહિતી પરત મોકલેલી માહિતી મુજબ તમામ શાળાઓને ઓનલાઇન ગ્રાન્ટ ફાળવવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. તાલુકાવાર ફાળવવામાં આવેલ ગ્રાન્ટની એકંદર પત્રક આ સાથે સામેલ છે.
- શાળાઓએ સદર ગ્રાન્ટનો ઉપયોગ શાળામાં બાળમેળા અને લાઈફસ્કીલ બાળમેળાના હેતુ માટે જ કરવાનો રહેશે. શાળાએ ગ્રાન્ટ મળ્યાની પહોંચ તથા ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- દરેક <u>સી.આર.સી.સી.એ તેમના ક્લસ્ટરની તમામ શાળા પાસેથી શાળાને ગ્રાન્ટ મળ્યાની પહોંચ તથા ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. દરેક આચાર્યની સહી સાથેનું સી.આર.સી.નું એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર તાલુકા બી.આર.સી.સી.ને જમા કરાવવાનું રહેશે.</u>
- <u>તાલુકા/ઝોનનું એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર અને તાલુકા/ઝોનના તમામ ક્લસ્ટરના એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર બાળમેળા પૂર્ણ થયેથી મોડામાં મોડા તારીખ : 14/08/2024 સુધીમાં ડાયેટ - રાજકોટને જમા કરાવવાના રહેશે.</u>

## <u>બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025નું ડોક્યુમેન્ટેશન અને મોનીટરીંગ :</u>

- દરેક શાળાએ બાળમેળા અને લાઈફ સ્કીલ મેળા દરમિયાન બાળકો વિવિધ પ્રવૃત્તિઓ કરતા હોય તેના ફોટોગ્રાફ્સ અને વિડીયો ક્લીપ બનાવવાની રહેશે.
- તાલુકામાં બાળમેળા અને લાઇફ સ્કીલ મેળા યોજાઇ ગયા બાદ તેનું ડોક્યુમેન્ટ (ગુજરાતી શ્રુતિ ફોન્ટ સાઇઝ-૧૨) અને ડોક્યુમેન્ટરી વિડીયો તૈયાર સોફ્ટકોપીમાં ડાયેટ-રાજકોટને જમા કરાવવાના રહેશે.
- તાલુકાના ડોક્યુમેન્ટમા નીચે જણાવેલ મુદ્દાઓ સમાવિષ્ટ કરવાના રહેશે.
    1. પ્રસ્તાવના
    2. મુખ્ય હેતુઓ
    3. કાર્યક્રમ દરમ્યાન શાળાઓ દ્વારા કરેલ વિવિધ પ્રવૃત્તિઓ
    4. બાળકો પ્રવૃત્તિઓ કરતા હોય તેવા ફોટોગ્રાફ્સ
    5. બાળકોના પ્રતિભાવ અને વાલીઓના પ્રતિભાવ, SMC ના સભ્યોના પ્રતિભાવ તથા મોનીટરીંગ ટીમના પ્રતિભાવ

- દરેક તાલુકા/ઝોનમાંથી એક શાળાની બાળમેળાની અને એક શાળાની લાઈફસ્કીલ મેળા દરમિયાન થતી પ્રવૃત્તિની વિડીયો ડોક્યુમેન્ટ પણ તૈયાર કરાવી ડાયેટને જમા કરાવવાની રહેશે.
- શાળાઓમાં બાળમેળા અને લાઈફસ્કીલ મેળા દરમિયાન થતી પ્રવૃત્તિનું મોનીટરીંગ અને મૂલ્યાંકન માટે ડાયેટ વ્યાખ્યાતાશ્રીઓ, TPEOશ્રી, બી.આર.સી.સી. / યુ.આર.સી.સી., સી.આર.સી.સી., બી.આર.પી. SMC ના સભ્યોના વગેરે દ્વારા શાળાની મુલાકાત લેવામાં આવશે.
- બાળમેળા અને લાઈફસ્કીલ મેળાનું ઓનલાઈન મોનીટરીંગ ફોર્મની લીંક ઈમેઈલમાં અને QR કોડ આ સાથે સામેલ છે, આવાનાર મુલાકાતી દ્વારા આ ફોર્મ ભરાય એ શાળાના આચાર્યએ સુનિશ્ચિત કરવું.

| બાળમેળા મોનીટરીંગ ફોર્મ<br>મોરબી જિલ્લો | લાઈફસ્કીલ મેળા મોનીટરીંગ ફોર્મ<br>મોરબી જિલ્લો |
|---|---|

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : 1. શાળાઓને ફાળવવામાં આવેલ ગ્રાન્ટનું તાલુકા/ઝોનનું એકંદર પત્રક, મોરબી
2. સંદર્ભદર્શિત પત્રની નકલ
3. શાળાને ગ્રાન્ટ મળ્યાની પહોંચ તથા ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્રનો નમૂનો
4. સી.આર.સી.અને તાલુકાનું એકંદર ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્રનો નમૂનો

**નકલ સવિનય રવાના :**

- પ્રતિ, નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, સચિવશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર
- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. મોરબી

**નકલ રવાના જાણ તથા બાળમેળા અને લાઈફસ્કીલ મેળાના મોનીટરીંગ કરવા સારું:**

- સિ. લેક્ચરરશ્રી અને લેક્ચરરશ્રી, તમામ, સદર કચેરી
- TPEOશ્રી તમામ, જિ. મોરબી

**સમય મર્યાદા**

ક્રમાંક:જશભ/WE/2024/2864-904
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ત્રિકોણ બાગ પાસે, રાજકોટ - 360001.
ફોન/ફેક્સ:-(0281) 2242140
E-mail: dietrajkot1@gmail.com
Web: www.dietrajkot.org
તા. 18/07/2024

પ્રતિ, બી.આર.સી.સી. / યુ.આર.સી.સી. તમામ
જિલ્લો: રાજકોટ, મોરબી અને રાજકોટ MSB

વિષય: બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી માટે શાળાની બેંક એકાઉન્ટની વિગત ચકાસણી કરવા તેમજ શાળાની સામે વિદ્યાર્થીની સંખ્યા લખી પરત મોકલવા બાબત.

સંદર્ભ: 1. જીસીઇઆરટી-ગાંધીનગરના પત્રકમાંક : જીસીઈઆરટી/તાલીમ 2024-25/14538-648 તા. 15/07/2024

2. ડાયેટ- રાજકોટના પત્રકમાંક : જશભ/WE/2024/2505-48 તા. 16/05/2024

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, જીસીઇઆરટી- ગાંધીનગરના સંદર્ભપત્ર -1 મુજબ તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં તારીખ : 27, જુલાઈ 2024 ના રોજ બાળમેળા અને તારીખ : 03, ઓગસ્ટ 2024 ના રોજ લાઈફસ્કીલ મેળાનું આયોજન કરવાનું થાય છે, જેનો વિગતવાર પત્ર કરવામાં આવશે. તાલુકાવાર વિદ્યાર્થીની સંખ્યા આધારિત શાળાની માહિતી આપે અગાઉ મોકલેલ છે (સંદર્ભપત્ર -2 દ્વારા માગવામાં આવેલ) તે સંખ્યા મુજબ જ જીસીઇઆરટી-ગાંધીનગર દ્વારા બાળમેળા અને લાઇફસ્કીલ મેળા વર્ષ 2024-2025 ની ગ્રાન્ટ ફાળવણી થઇ છે જે બાબત ધ્યાને લેશો. શાળાઓને ગ્રાન્ટ ફાળવવા માટે આપના તાલુકાની શાળાઓની બેંક ડિટેઈલ સાથેની એક્સેલ ફાઈલ આ સાથે મોકલાવેલ છે. નીચેની સૂચનાઓને ધ્યાને લઇ આપના તાલુકાની તમામ શાળાની <u>ખરાઈ કરેલ એક્સેલ ફાઈલની સોફ્ટ કોપી તારીખ : 20/07/2024 સુધીમાં બિનચૂક ઈ-મેઈલથી પરત મોકલશો.</u>

સૂચના :

1. આ પત્ર સાથે દરેક તાલુકાની એક્સેલ ફાઈલ મોકલાવેલ જેમાં શાળાના નામ, ખાતા નંબર, બેંક, બ્રાંચ, ધોરણ તમામ વિગતોની ચકાસણી કરવી
2. શાળાના નામ, ખાતા નંબર, બેંક, બ્રાંચ, ધોરણની વિગતોમાં જો કોઈ સુધારો હોઈ તો જૂની વિગત દૂર કરી સુધારેલ વિગત લખવી અને તેને લાલ રંગથી હાઈલાઈટ કરવું. સુધારો કર્યો હોય તે શાળાની સામે રિમાર્ક્સના ખાનામાં <u>"સુધારો"</u> લખવું. જો કોઈ શાળા બંધ થઈ ગઈ હોય તો તે શાળાની રો લાલ રંગથી હાઈલાઈટ કરી રિમાર્ક્સના ખાનામાં **<u>"Delete"</u>** લખવું. જો કોઈ શાળા નવી ઉમેરવાની હોય તો સૌથી નીચે ઉમેરી રિમાર્ક્સના ખાનામાં **<u>"New"</u>** લખવું.
3. તાલુકાવાર વિદ્યાર્થીની સંખ્યા આધારિત શાળાની માહિતી આપે અગાઉ મોકલેલ છે (સંદર્ભપત્ર -2 દ્વારા માગવામાં આવેલ). તે સ્થિતિ મુજબ દરેક શાળા સામે વિદ્યાર્થીની સંખ્યાના ખાનામાં સંખ્યા અંગ્રેજી અંકમાં લખવી.
4. તાલુકાવાર વિદ્યાર્થીની સંખ્યા મુજબ શાળાની સંખ્યા અને તે મુજબ મળવાપાત્ર ગ્રાન્ટનું વિગતવાર પત્રક આ સાથે સામેલ છે. આપના તાલુકાની એસ્કેલ શીટમાં ગ્રાન્ટની રકમનો ટોટલ કરી આ પત્રક સાથે તાળો મેળવી લેશો. જો કોઈ ફેરફાર હોઈ તો જાણ કરશો.

(ડૉ. એસ. એન. મહેતા)
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
રાજકોટ

બીડાણ : 1. સંદર્ભ દર્શિત પત્ર – 1ની નકલ
2. તાલુકાવાર શાળાની બેંક ડિટેઈલની Excel sheet સોફ્ટ કોપી
3. તાલુકાવાર મળવાપાત્ર ગ્રાન્ટનું વિગતવાર પત્રક

નકલ સવિનય રવાના :

- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિ. રાજકોટ અને મોરબી
- પ્રતિ, શાસનાધિકારીશ્રી, રાજકોટ, ઉપલેટા અને જેતપુર
- TPEOશ્રી તમામ, જિ. રાજકોટ અને મોરબી

### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-રાજકોટ
### બાળમેળા અને લાઇફ સ્કીલ બાળમેળા 2024 -25
### વિદ્યાર્થીની સંખ્યાના આધારે શાળાઓની માહિતી
### જિલ્લો : રાજકોટ

| No | તાલુકા | વિદ્યાર્થીની સંખ્યાના આધારે કુલ શાળાઓ | | | | | | | | | | | | | | તાલુકા દીઠ શાળાની કુલ સંખ્યા | કુલ ગ્રાન્ટ રકમ રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1 to 100 | | 101 to 200 | | 201 to 400 | | 401 to 600 | | 601 to 800 | | 801 to 1000 | | 1001 to વધુ | | | |
| | | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 840 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1040 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1240 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1430 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1630 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 1830 | શાળા ની સંખ્યા | શાળા દીઠ ગ્રાન્ટ રૂ. 2230 | | |
| 1 | ધોરાજી | 10 | 8400 | 24 | 24960 | 15 | 18600 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 49 | 51960 |
| 2 | ગોંડલ | 41 | 34440 | 65 | 67600 | 10 | 12400 | 2 | 2860 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 118 | 117300 |
| 3 | જામકંડોરણા | 31 | 26040 | 20 | 20800 | 5 | 6200 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 56 | 53040 |
| 4 | જસદણ | 39 | 32760 | 46 | 47840 | 30 | 37200 | 3 | 4290 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 118 | 122090 |
| 5 | જેતપુર | 24 | 20160 | 28 | 29120 | 18 | 22320 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 70 | 71600 |
| 6 | કોટડાસાંગાણી | 16 | 13440 | 27 | 28080 | 7 | 8680 | 4 | 5720 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 54 | 55920 |
| 7 | લોધિકા | 15 | 12600 | 19 | 19760 | 6 | 7440 | 2 | 2860 | 2 | 3260 | 0 | 0 | 0 | 0 | 44 | 45920 |
| 8 | પડધરી | 43 | 36120 | 29 | 30160 | 8 | 9920 | 1 | 1430 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 81 | 77630 |
| 9 | રાજકોટ | 35 | 29400 | 54 | 56160 | 30 | 37200 | 9 | 12870 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 128 | 135630 |
| 10 | વિંછિયા | 24 | 20160 | 26 | 27040 | 35 | 43400 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 85 | 90600 |
| 11 | ઉપલેટા | 29 | 24360 | 29 | 30160 | 20 | 24800 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 0 | 78 | 79320 |
| 12 | MSB | 8 | 6720 | 25 | 26000 | 28 | 34720 | 19 | 27170 | 6 | 9780 | 7 | 12810 | 0 | 0 | 93 | 117200 |
| *કુલ* | | ***315*** | ***264600*** | ***392*** | ***407680*** | ***212*** | ***262880*** | ***40*** | ***57200*** | ***8*** | ***13040*** | ***7*** | ***12810*** | ***0*** | ***0*** | ***974*** | ***1018210*** |